# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, 'રાજ્યમાં કોરોનાને પહોંચી વળવાની તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ.'**
2) **રાજ્યમાં મેટ્રો ટ્રેનના વાયરોની ચોરી કરતા સમૂહ સામે પહેલી વાર મેટ્રો રેલવે કાયદા હેઠળ કેસ નોંધાયો.**
3) **અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની આજે ભવ્ય જળયાત્રા યોજાઈ.**
4) **આગામી પહેલી જુલાઈથી માત્ર આધાર પ્રમાણિત ઉપયોગકર્તા જ રેલવેની તત્કાળ ટિકિટ બુક કરાવી શકશે.**
5) **રાજ્યનાં નિશાનેબાજ ખેલાડી ઈલાવેનિલ વલારિવાને જર્મનીમાં રમાતા I.S.S.F. નિશાનેબાજ વિશ્વકપમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.**

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH PATEL ON CORONA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં કોરોનાના કેસમાં થતા વધારા વચ્ચે લોકોને સાવચેત રહેવા અપીલ કરી. અમદાવાદમાં માધ્યમો સાથે વાત કરતા તેમણે કહ્યું, રાજ્યમાં કોરોનાને પહોંચી વળવાની તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે. શ્રી પટેલે વરિષ્ઠ નાગરિકોને ભીડવાળી જગ્યાએ ન જવા તેમજ કોરોનાના લક્ષણ ધરાવતા લોકોને નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા પણ જણાવ્યું.

**(BYTE- RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં અત્યારે કોરોનાના કુલ એક હજાર 227 સક્રિય કેસ છે.

. . . . . . . . . . . . .

# CENTARL GOVT 11 YEARS

કેન્દ્રમાં મોદી સરકારના 11 વર્ષ પૂર્ણ થયાં છે. તે નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

તાપી જિલ્લામાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં વ્યારા નગર પાલિકા સભાખંડમાં પત્રકાર પરિષદ યોજાઈ . "સંકલ્પ થી સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી પરિષદમાં સરકારની વિવિધ યોજનાઓ, નિર્ણયો અને તેમાં મળેલ સફળતા અંગે માહિતી આપાઈ.

(બાઈટ –તાપી, મુકેશ પટેલ (મંત્રી, રાજ્યસરકાર)

વલસાડમાં પણ "સંકલ્પ થી સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ, જેમાં કેબિનેટ મંત્રી કનુ દેસાઈ, સાંસદ ધવલ પટેલે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સિદ્ધિઓ અને વિકાસકાર્યો સહિત પ્રજાલક્ષી યોજનાઓની માહિતી આપી.

સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં સાંસદ ચંદુ સિહોરાએ જણાવ્યું કે દેશમાં 2014 પછી અનેક પરિવર્તન આવ્યાં છે.

તો પોરબંદરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી બાબુ જેબલીયાએ જણાવ્યું, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)એ ભારતના સામાજિક સુરક્ષા કવરેજમાં મોટો વધારો નોંધાવ્યો છે , જે 2015માં 19 ટકાથી વધીને 2025માં 64.3 ટકા થયો છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR METRO ACT

રાજ્યમાં મેટ્રો ટ્રેનના વાયરોની ચોરી મામલે પકડેલા આંતરરાજ્ય ચોરોના સમૂહની અત્યાર સુધી નાના-મોટા કુલ 111 કેસમાં સંડોવણી હોવાનું જણાયું છે. ગાંધીનગર પોલીસે આ મામલે રાજ્યમાં પહેલી વાર મેટ્રો રેલવે કાયદા 2002 હેઠળ કેસ નોંધ્યો છે. આ સમૂહે દિલ્હી , પૂણે, ભોપાલ, જયપુર, લખનઉ અને કોલકાતા જેવા શહેરોમાં પણ ચોરી કરી હોવાનું સ્વીકાર્યું છે.

આ અંગે ગાંધીનગરના DySP દિવ્ય પ્રકાશ ગોહિલે જણાવ્યું , આરોપીઓ ચોરી પછી બનાવટી પહોંચ તૈયાર કરી ચોરાયેલા કૉપર વાયરને રેલવે દ્વારા જ બહાર મોકલતા હતા.

**(BYTE- D. T. GOHIL, DySP)**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AMDAVAD YOG SHIBIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે અમદાવાદમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત " અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજાઈ. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે રિવરફ્રન્ટ ખાતે યોજાયેલી શિબિરમાં મેયર પ્રતિભા જૈન , અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશ મકવાણા , મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ સહિત 15 હજારથી વધુ લોકો જોડાયા. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકોને યોગથી પ્રેરણા લઈ "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બૉર્ડના અધ્યક્ષ અને યોગસેવક શિશપાલ રાજપૂત તેમજ યોગના નિષ્ણાતોએ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસ અંગે લોકોને માર્ગદર્શન આપ્યું.

. . . . . . . . . . . .

# CM PANCHMAHAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , રાજ્યમાં સિંદૂર વન બનાવીને ઑપરેશન સિંદૂરની યાદ હંમેશા ચિરંજીવ રાખવાનો અભિગમ લોકોએ અપનાવ્યો છે. પંચમહાલના તાજપુરા ખાતે વનવિભાગ અને શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં આજે શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. શ્રી નારાયણ બાપુના આશ્રમ પાસે આવેલા શ્રી વિરાટ નારાયણ વનમાં પૂજ્ય શ્રી દાદાગુરુની ઉપસ્થિતિમાં શ્રી પટેલે વૃક્ષારોપણ પણ કર્યું.

(BYTE- BHUPENDRA PATEL, CM)

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે કહ્યું , વિરાટ નારાયણ વનમાં કુલ પાંચ લાખ વૃક્ષ વાવવાનો ધ્યેય રખાયો છે. દરમિયાન તેમણે જળસંગ્રહ , એક પેડ મા કે નામ જેવા અભિયાનમાં જોડાવા સહિત પ્રધાનમંત્રીના સંકલ્પને અપનાવવા લોકોને અપીલ કરી.

. . . . . . . . . . . . .

# AMDAVAD JAL YATRA

અમદાવાદમાં આગામી 27 જૂને યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા આજે જળયાત્રા યોજાઈ. જમાલપુર જગન્નાથ મંદિરથી સોમનાથ ભૂદરના આરે જઈ 108 કળશમાં ભગવાનના સ્નાન માટે જળ લવાયું. જળયાત્રા મંદિરે પરત આવતા મહંત દિલિપદાસજી મહારાજ અને મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા-એ ભગવાનને પવિત્ર જળથી સ્નાન કરાવ્યું. ભગવાન જગન્નાથજી - ભાઈ બળભદ્ર જી અને બહેન સુભદ્રાજીને દહીં, મધ, સાકર પંચામૃત સહિતના દ્રવ્યોથી સ્નાન કરાવી તેમની વિશેષ પૂજા-અર્ચના પણ કરવામાં આવી. જળયાત્રા અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી.

**(BYTE- HARSH SANGHAVI, HOME MINISTER)**

. . . . . . . . . . . . .

# RAIL TATKAL TICKET

આગામી પહેલી જુલાઈથી માત્ર આધાર પ્રમાણિત ઉપયોગકર્તા જ ભારતીય રેલવેની I.R.C.T.C. વેબસાઈટ અને ઍપ્લિકેશન પર તત્કાળ ટિકિટ બુક કરાવી શકશે. આગામી 15 જુલાઈથી PRS કાઉન્ટર પર અને અધિકૃત ઍજન્ટ દ્વારા ઑનલાઈન અને તત્કાળ બૂકિંગ માટે O.T.P. આધારિત ઓળખ પ્રમાણિકરણ ફરજિયાત કરાયું છે.

તત્કાળ ટિકિટોની વાજબી અને પારદર્શક ઍક્સેસ સુનિશ્ચિત કરવા અને પ્રવાસીઓના હિતનું રક્ષણ કરવાના ઉદ્દેશ સાથે ભારતીય રેલવેએ તત્કાળ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ફેરફારોનો હેતુ ઉપયોગકર્તા પ્રમાણિકરણ વધારવા અને યોજનાનો દુરુપયોગ ઘટાડવાનો છે.

. . . . . . . . . . . . .

# AIR RIFLE BRONZE MEDAL

રાજ્યનાં નિશાનેબાજ ખેલાડી ઈલાવેનિલ વલારિવાને આંતર-રાષ્ટ્રીય નિશાનેબાજ રમતગમત મહામંડળ - I.S.S.F. નિશાનેબાજ વિશ્વકપમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મળતી માહિતી મુજબ , જર્મનીના મ્યૂનિક શહેરમાં રમાતી વિશ્વ-કપની સ્પર્ધામાં મહિલાઓની 10 મીટર એર રાઈફલ મુકાબલામાં ઈલાવેનિલ વલારિવાને આ સિદ્ધિ મેળવી. 25 વર્ષનાં ઈલાવેનિલ ક્વાલિફિકેશનમાં 635.9ના સર્વોચ્ચ ગુણ સાથે બીજા ક્રમાંકે રહ્યાં. સાથે જ તેમણે રાષ્ટ્રીય વિક્રમ પણ બનાવ્યો.

. . . . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELE

રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ હતો. જોકે , આ પહેલા રાજ્યના કેટલીક જગ્યાએ ગ્રામ પંચાયતોની કેટલીક બેઠકોને સમરસ જાહેર થઈ છે. ગઈકાલે ઉમેદવારોના ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં આગામી 22 જૂને મતદાન અને 25 જૂને મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELE

રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ હતો. જોકે , આ પહેલા રાજ્યના કેટલીક જગ્યાએ ગ્રામ પંચાયતોની કેટલીક બેઠકોને સમરસ જાહેર થઈ છે. ગઈકાલે ઉમેદવારોના ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં આગામી 22 જૂને મતદાન અને 25 જૂને મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .